## આંક–૧ લગત હુકમ

(૧) હાલના કામે આરોપી સામે જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાનું તહોમત છે. આરોપીએ કોર્ટ સમક્ષ આજરોજ હાજર થયેલ છે. આરોપી સામે ગુન્હા સંબંધી પ્લી નોંધવામાં આવેલ છે અને તેમાં આરોપીએ પોતાના સામેના ગુન્હાની કબુલાત આપેલ છે. ત્યારબાદ આરોપી ધ્વારા અલગથી કબુલાત પુરસીસ રજુ કરેલ છે. આરોપીએ ગુન્હાનો સ્વીકાર કરેલ, જેથી આરોપીની કબુલાત સ્વૈચ્છિક હોવાની ખાત્રી કરી કબુલાતનો સ્વીકાર કરી કામમાં દાખલ કરેલ અને આરોપીએ વધુમાં જણાવેલ છે કે, તેઓનો પ્રથમ ગુન્હો છે અને કુટુંબના જવાબદાર છે અને ગરીબ માસણ છે જેથી હળવી સજા–દંડ કરવા અરજ કરેલ છે.

(૨) આ કામે આરોપી સામેનો ગુન્હાનો આક્ષેપ તથા સજાની જોગવાઈ ધ્યાને લેવામાં આવેલ છે. આ કામે સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાના નં.૭૦૯ ના ચુકાદામાં નામ. ગુજરાત હાઈકોટની ડીવીઝન બેન્ચે એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, જો આરોપીનો પ્રથમ ગુન્હો હોઈ અને હળવી સજા કરવા માટે પુરતા કારણો જણાઈ આવતા હોય તો કોર્ટ કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા કરતા પણ ઓછી સજા ફરમાવી શકે છે. આમ, ઉપરોકત ચુકાદાને નજર સમક્ષ રાખી હાથ પરના કેસમાં પણ આરોપીએ તેઓની સામેના ગુન્હા કબુલાતની પુરસીસની વિગતો જોતા તેઓનો પ્રથમ ગુન્હો હોઈ અને ગરીબ માણસ હોવાનુ જણાવેલ છે.

(૩) આ સંજોગોમાં ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આરોપીએ સ્વૈચ્છિક ગુન્હો કબુલ કરેલ હોઈ તેથી કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા નહી કરતા તથા નામ. ગુજરાત હાઈકોટના ઉપરોકત ચુકાદાને વળગી રહીને આરોપીની કબુલાતનો સ્વીકાર કરવામાં આવે છે અને નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

### :: આ ખ રી હુ ક મ ::

(૧) આ કામના આરોપીને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૨૭૫ અન્વયે જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા) દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ રૂા.૩૦૦/– ભરપાઈ ન કરે તો દિન– ૨ (બે) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તારીખ: ૧૧ મી, માહે: જુલાઈ, સને: ૨૦૨૬ નાં રોજ મેજીસ્ટ્રેટના સ્પેશ્યલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ઠાસરા
તારીખ: ૧૧/૦૭/૨૦૨૬

**( વી.એ.ઠકકર )**
જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ, ઠાસરા
કોડ નં. જીજે૦૧૪૫૫